# તીથલ બીચનો થશે મેકઓવર

**કલેક્ટરના** માર્ગદર્શન હેઠળ રિનોવેશનની કામગીરી યુદ્ધના ધોરણે

**નવા** પેવર બ્લોકની કામગીરી પૂર્ણતાના આરે, દમણ બીચની વોક-વે પર ફેન્સી લાઇટિંગ કરાશે



વલસાડઃ દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ અને વલસાડની શાન ગણાતા તીથલ બીચનો દેખાવ આગામી દિવસોમાં વધુ આકર્ષક અને સુવિધાજનક બનવા જઈ રહ્યો છે. વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના સીધા માર્ગદર્શન હેઠળ અત્યારે તીથલ બીચના રિનોવેશનનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા અને બીચના સૌંદર્યમાં વધારો કરવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે.

તીથલ બીચ પર પર્યટકોનું મુખ્ય આકર્ષણ તેનો લાંબો દરિયાકિનારો અને વોક-વે છે. હાલમાં જ બીચ પર હાઈમસ્ટ લાઈટ લગાવી દેવામાં આવી છે, જેના કારણે રાત્રિના સમયે પણ બીચ પ્રકાશિત રહે છે. હવે, વોક-વે પર જૂના બ્લોક હટાવી નવા પેવર બ્લોક લગાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે. આ સુવિધાથી ખાસ કરીને વહેલી સવારે જોગિંગ માટે આવતા સ્થાનિકો અને સાંજે 'ઈવનિંગ વોક' માટે આવતા પ્રવાસીઓને મોટી રાહત મળશે. આ ઉપરાંત, દમણ બીચની જેમ તીથલના વોક-વે પર પણ આકર્ષક અને ફેન્સી લાઈટિંગ લગાવીને તેને શણગારવામાં આવશે, જે રાત્રિના સમયે બીચના વાતાવરણને રોમેન્ટિક અને રમણીય બનાવશે.

પ્રવાસીઓને આરામદાયક અનુભવ આપવા માટે વોક-વેની પાળી પર કોટા સ્ટોન લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પથ્થરો લાગ્યા બાદ પ્રવાસીઓ દરિયાના મોજાની મજા માણતા આરામથી બેસી શકશે. બીજી તરફ, તીથલની મુખ્ય જેટી જે અગાઉ હલકી ગુણવત્તાના કામને કારણે જર્જરિત થઈ ગઈ હતી અને ટાઈલ્સ ઉખડી ગઈ હતી, તેની પણ ગંભીર નોંધ લેવામાં આવી છે. તંત્ર દ્વારા જેટી પર ફરીથી મજબૂત ટાઈલ્સ લગાવીને તેનું સમારકામ કરવામાં આવી રહ્યું છે જેથી પ્રવાસીઓની સુરક્ષા જળવાઈ રહે.

### દિવ્યાંગ ફ્રેન્ડલી બીચ માટે યોગ્ય દાદર જરૂરી

વલસાડના તીથલ બીચને દેશના પ્રથમ દિવ્યાંગ બીચ બનાવવાની જાહેરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરી હતી. જોકે, તેમના સ્વપ્નને અનેક અધિકારીઓ અને પદાધિકારીઓએ પોતાના ખિસ્સા ભરવાનું સાધન બનાવી દીધા હતા. જેને લઇ તીથલ બીચ પર દિવ્યાંગ તો શું સ્વસ્થ માણસે પણ જવું મુશ્કેલ બની રહ્યું છે. હાલ તીથલ બીચનું યોગ્ય રીતે રિનોવેશન થઇ રહ્યું છે. તો બીચ પર જવા માટેના દાદર નાના અને સુવિધાસભર બને એ જરૂરી બન્યું છે.

### રસ્તા પરથી દરિયો દેખાય એ રીતે આયોજન: કલેક્ટર

વલસાડ તીથલ બીચ પર જઇએ તો રસ્તા પરથી જ દરિયો દેખાય એ રીતનું આયોજન થઇ રહ્યું હોવાનું ભવ્ય વર્માએ જણાવ્યું હતુ. તેમણે જણાવ્યું કે, હાલ ખાણી પીણીની તમામ લારી ગલ્લાવાળાઓને એક તરફ જગ્યા આપી ખસેડવામાં આવશે. ત્યારબાદ વધુ ગ્રાન્ટ આવે તો તેમના માટે યોગ્ય કેબિન પણ બનાવી આપવામાં આવશે.

### તીથલ બીચ પર કિતાબ અડ્ડા આકર્ષણ જમાવી રહ્યું છે

'પુસ્તક પરબ વલસાડ' દ્વારા તિથલ બીચ પર પુસ્તક સ્ટેન્ડ(કિતાબ અડ્ડા) મુકવામાં આવ્યું છે, જ્યાં વિવિધ પ્રકારના પુસ્તકો વિના મૂલ્યે વાંચવા માટે ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે. પુસ્તક પરબના ચેરપર્સન આશાબેન ગોહિલ અને હાર્દિક પટેલના સહિયારા પ્રયાસોથી આ પુસ્તક સ્ટેન્ડ સ્થાપિત કરવામાં આવ્યું છે. સવારે મોર્નિંગ વોક માટે આવતા લોકો હોય કે સાંજે તિથલની મોજ માણવા આવતા પ્રવાસીઓ માટે હવે વિના મુલ્યે પુસ્તક વાંચનનો અનોખો લાહવો લેવાઇ રહ્યો છે.

# ખેરગામ તા.પં.ના પ્રમુખ પદ માટે ચાર મહિલા દાવેદાર

**ગાંધીનગરથી** કોના નામ પર આખરી મહોર મારવામાં આવે છે, તેની પર સૌની નજર

ખેરગામઃ ખેરગામ તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે હાલમાં ભારે રસાકસી જોવા મળી રહી છે. જેમાં ચાર મહિલા દાવેદાર છે. પરંતુ મહિલા અનામત આ બેઠક ઉપર આખરી મહોર કોની પર મારવામાં આવે છે, એ જોવું રસપ્રદ રહેશે.

ખેરગામ તાલુકા પંચાયતમાં પ્રમુખ પદની વરણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આ મહત્ત્વના પદ માટે હાલમાં ચાર મહિલા દાવેદારોનાં નામ મોખરે ચાલી રહ્યાં છે, જેમાં પાણીખડક બેઠક પરથી હંસાબેન મહેશભાઈ દેસાઈ, ડેબારપાડા બેઠક પરથી છાયાબેન પ્રકાશભાઈ પટેલ, ખેરગામ-૧ બેઠક પરથી જીજ્ઞાબેન હર્ષદભાઈ પટેલ અને તોરણવેરા બેઠક પરથી શિલ્પાબેન ભાવેશભાઈ વાઢુના નામનો સમાવેશ થાય છે.આ ચારેય દાવેદારો પોતપોતાની રીતે સક્ષમ હોવાથી પક્ષ માટે પસંદગી કરવી તે એક પડકારજનક કાર્ય બની રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ પહેલા ગાંધીનગર ખાતે પાર્લામેન્ટરી બોર્ડની મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં તાલુકાનાં રાજકીય સમીકરણો અને આગામી આયોજનો અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક બાદ હવે પ્રમુખ પદ માટે કયા ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળાશે તે અંગેના રહસ્ય પરથી ટૂંક સમયમાં પડદો ઊંચકાશે તેવી શક્યતા છે. સ્થાનિક કાર્યકરો અને ગ્રામજનોમાં પણ નવા પ્રમુખ કોણ બનશે તે અંગે ભારે કુતૂહલ જોવા મળી રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે ગાંધીનગરથી કોના નામ પર આખરી મહોર મારવામાં આવે છે.

# રાત્રે ઘરમાં ઘૂસી વૃદ્ધાની બંગડીઓ લૂંટી તસ્કરો ફરાર

**દમણના** મોટી વાંકડમાં ગ્રીલ તોડી ઘૂસેલા તસ્કરો CCTVમાં કેદ, ઈજાગ્રસ્ત વૃદ્ધા સારવાર હેઠળ

**વારંવાર** ચોરીના પ્રયાસોથી ગ્રામજનોમાં રોષ



દમણઃ સંઘપ્રદેશ દમણના મોટી વાકંડ વિસ્તારમાં આવેલા સ્કૂલ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી તસ્કરોનો આતંક જોવા મળી રહ્યો છે. શુક્રવારની મોડી રાત્રે અઢીથી ત્રણ વાગ્યાના અરસામાં ચોર તસ્કરોએ એક મકાનને નિશાન બનાવ્યું હતું. જેમાં એક વૃદ્ધ મહિલા અને તેમની વહુ જ રહેતા હતા. ચોર તસ્કરો પૈકી એક ચોર મકાનની બહાર આંટા ફેરા મારી રેકી કર્યા બાદ અન્ય ચોર ઘરની બારીના લોખંડની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશી કબાટમાંથી કિમતી ચીજ વસ્તુઓને શોધવા કબાટના સામાનને વેરવિખેર કરી દીધો હતો. પરંતુ કોઈ કિંમતી સામાન ન મળતા અન્ય કબાટ ખોલવા જતાં સામાનનો અવાજ આવતા વૃદ્ધા જાગી ગયા હતા. જ્યાં ચોર ઈસમે વૃદ્ધાના હાથમાં પહેરેલી સોનાની બંગડીઓ જબરજસ્તી ઉતારી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જેને પગલે વૃદ્ધાના હાથમાં ઈજાઓ પહોંચવા પામી હતી. ચોરાની ઘટના ઘરની બહાર લગાવેલા સી.સી.ટીવી કેમેરામાં કૈદ થવા પામી છે. ગામના લોકોના જણાવ્યા અનુસાર છેલ્લા એક મહિનાથી 7થી 8 જેટલા તસ્કરો જેવા વ્યક્તિઓ શંકાસ્પદ રીતે આંટાફેરા મારી ચોરીનો પ્રયાસ કરતાં જોવા મળ્યા છે. એટલું જ નહીં પણ ત્રણથી ચાર દિવસ અગાઉ પણ વાંકડ ગામના અન્ય ઘરોમાં પણ ચોરીનો નિષ્ફળ પ્રયાસ તસ્કરો દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે વારંવાર બની રહેલા આ પ્રમાણેના ચોરીના બનાવને પગલે ગામના લોકોએ એક મિટીંગ આયોજીત કરી આ મામલે ભીમપોર ગ્રામ પંચાયતની સાથે ભીમપોર પોલીસ આઉટ પોસ્ટને એક આવેદનપત્ર પાઠવશે અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરશે. પોલીસના નાઈટ પેટ્રોલિંગ સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

# કલસર હાઈવે પર બે બાઈકનો અકસ્માત, બે યુવકનાં મોત

**દમણથી** વલસાડ જતા સર્જાયેલા અકસ્માતમાં સુરત અને ઉમરસાડીના યુવકોનાં મોત, બે સારવાર હેઠળ






પારડી, કલસરઃ પારડીના કલસર કોસ્ટેલ હાઈવે પર દમણથી વલસાડ જતાં રોડ ઉપર કેટીએમ બાઈકચાલકે પૂરઝડપે હંકારી લાવી સીડી ડીલક્સ બાઈકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને બાઈક ચાલકોના મોત નીપજ્યા હતા. જ્યારે પાછળ બેસેલા બંનેને ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પારડી તાલુકાના કલસર કોસ્ટેલ હાઈવે પર કેટીએમ બાઈક (નં. જીજે 15 ડીએન 7685)નો ચાલક હર્ષિત દતુભાઈ ગાલા (ઉં.વ.26, રહે., સુરત) અને તેની પાછળ બેઠેલો શનિ નિલેશ હળપતિ દમણથી વલસાડ જતાં રોડ ઉપર પૂરઝડપે હંકારી લાવી સીડી ડીલક્ષ બાઈક (નં. જીજે 15 એએન 2170) પર સવાર કુંદન ઈશ્વરભાઈ માંગેલા તથા તેની પાછળ બેસેલા દિપેશ વિનોદભાઈ માંગેલાને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પારડી કુરેશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં કુંદન માંગેલા (ઉં.વ.26, રહે., ઉમરસાડી, માંગેલવાડ, તા.પારડી)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું તેમજ ktm ચાલક હર્ષિત ગાલાને પણ સારવાર દરમિયાન ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

જ્યારે સીડી ડીલક્ષ બાઈક ઉપર પાછળ બેસેલા દીપેશ માંગેલાની સારવાર ચાલી રહી છે તેમજ ktm બાઈક પાછળ બેસેલા સની હળપતિને વલસાડ કસ્તુરબા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટના અંગે પારડી પોલીસમથકે મૃતક કુંદનના પિતા ઈશ્વરભાઈ માંગેલાએ ktm ચાલક હર્ષિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપલખેડમાં નિ:શુલ્ક આંખની તપાસ અને ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો




વાંસદા: વાંસદાના પીપલખેડ ગામે શ્રી જનસેવા સંઘ ટ્રસ્ટ નાની ભમતી વાંસદા અને ઈન્ડિયન રેસકોર્સ સો. વાંસદા શાખા આયોજિત આંખોની તપાસ તથા મફત ચશ્મા વિતરણ કેમ્પ શ્રીમંત મહારાજા સાહેબ જયવિરેન્દ્રસિંહજીના પ્રમુખપણા હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન ઈન્ડિયન રેસકોર્સ સોસાયટીના પ્રમુખના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ઈન્ડિયન રેડકોર્સ સોસાયટી વાંસદા શાખાના મંત્રી પદ્યુમનસિંહ સોલંકી, બોબી દાદા, હિમાંશુ, નવસારી જિલ્લાના પૂર્વ મહામંત્રી ગણપત માહલા, સરપંચ કમલેશભાઈ માહલા, તાલુકા પંચાયત સભ્ય જયશ્રીબેન માહલા, ડે. સરપંચ કિશોર માહલા ઉપસ્થિત રહ્યા હતા. આ ચશ્મા વિતરણ કેમ્પમાં 345 જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

### સંજાણ નજીકના ધીમણિયા જાદી રાણા સ્કૂલનું ધો.10 નું 100 ટકા પરિણામ

ઉમરગામ: મહારાષ્ટ્ર બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-10 ની પરીક્ષાનું જાહેર થયેલા પરિણામમાં સંજાણ નજીક આવેલા મહારાષ્ટ્રના તલાસરી તાલુકાના ધીમણિયામા આવેલી જાદી રાણા સ્કૂલનુ પરિણામ 100 ટકા આવ્યું છે. કુલ 119 વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળાની વિદ્યાર્થીની અઝીન મજહરખાન શેખ 93.20 ટકા સાથે શાળામાં પ્રથમ આવી છે. તેને શાળાનું અને પરિવારનું તથા મુસ્લિમ સમાજનું ગૌરવ વધાર્યું છે. પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

### ચીખલીના ચીમલા ફાટક પાસેથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

ઘેજ: ચીખલી પોલીસે ચીમલા ફાટક નેશનલ હાઇવે પરથી બાતમીના આધારે એક સેરવોલેટ ક્રુઝ નં. જીજે ૦૫ જેએસ ૩૪૬૯ માંથી ભારતીય બનાવટનો વિદેશીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે વિદેશી દારૂ, વોડકા, ટીન-બિયરની નાની મોટી બોટલ નંગ-૨૭૬ કિ.રૂ.૮૩,૭૬૦ કારની કિ.રૂ.૩ લાખ, એક નંગ મોબાઇલ ફોન મળી કુલ્લે ૩,૮૮,૭૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી રોકી ઉર્ફે કનૈયા વિરેન્દ્રસિંગ શ્રીકામેશ્વરસિંગ (ઉં.વ.૨૬, રહે., પાંડેસરા, બમરોલી રોડ, સુરત) (મૂળ બિહાર)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર મહેશ પાલ (રહે., પાંડેસરા સુરત)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વડોદરા એક્સપ્રેસમાંથી ઊતરતા મુસાફરનો મોબાઇલ ચોરાયો

વલસાડ: અમલસાડ અંધેસ્વર મંદિર પાછળ રહેતા ઠાકોરભાઇ ડાહ્યાભાઇ હળપતિ (ઉં.વ.63) ગત રોજ વડોદરા એક્સપ્રેસમાંથી સચિન રેલવે સ્ટેશન પર ઉતરી રહ્યા હતા. એ સમયે કોઇ ચોરે તેમનો મોબાઇલ તેમના શર્ટના આગળના ખિસ્સામાંથી ભીડનો લાભ લઇ ચોરી લીધો હતો. જેના પગલે તેમણે આ સંદર્ભે વલસાડ રેલવે પોલીસને ફરિયાદ કરતાં રેલવે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ડાંગના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે ૫ દિવસીય તાલીમનું આયોજન કરાયું




સાપુતારા: ડાંગનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ખાતે વિસ્તરણ શિક્ષણ સંસ્થા (EEI), આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ ના સહયોગથી Next-Gen Leadership Skills for High Team Performance વિષય અંતર્ગત તા. ૦૫/૦૫/૨૦૨૬ થી ૦૯/૦૫/૨૦૨૬ સુધી પાંચ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેતીવાડી શાખા, એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (ATMA), NGO, કૃષિ મહાવિદ્યાલય, કૃષિ પોલીટેકનિક કોલેજ, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, વઘઈ તેમજ બીજી ઘણી સંસ્થાઓની ફેકલ્ટી દ્વારા રસપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૩૫ જેટલા તાલીમાર્થીઓએ હાજરી નોંધાવી હતી. ડો. ટાંક, કુલપતિ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રમાણપત્ર વિતરણ કરી તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.

# વાપી GIDCમાં દુકાનમાંથી મહિનામાં બીજી વાર ગેસ સિલિન્ડરની ચોરી

**આસપાસના** વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વધતી ચોરીની ઘટના

વાપીઃ વાપી GIDCના થર્ડ ફેઝ વિસ્તારમાં ગેસ સિલિન્ડર ચોરોનો તરખાટ સતત વધી રહ્યો છે, જેના કારણે સ્થાનિક વેપારીઓમાં ચિંતા વધી છે. રાત્રે તસ્કરોએ આ વિસ્તારમાં આવેલી એક નાસ્તાની દુકાનને નિશાન બનાવી હતી અને ત્યાંથી ગેસ સિલિન્ડર સહિત અન્ય સામાનની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, આ જ દુકાનમાં આ મહિના દરમિયાન ચોરીની આ બીજી ઘટના સામે આવતા આશ્ચર્ય સાથે રોષ ફેલાયો છે.

સ્થાનિક દુકાનદારોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આસપાસની અનેક દુકાનોમાં ચોરીની વારંવાર ઘટનાઓ બની રહી છે. ગેસ સિલિન્ડરના ભાવમાં થઈ રહેલા વધારાને કારણે હવે તસ્કરો ખાસ કરીને સિલિન્ડરોને જ નિશાન બનાવી રહ્યા હોય તેમ જણાય છે. આ ઘટનાઓને પગલે ખાસ કરીને ચા અને નાસ્તાની નાની લારીઓ કે સ્ટોલ ચલાવતા શ્રમિક વર્ગના વેપારીઓ ભારે ચિંતામાં મુકાયા છે. વેપારીઓનું કહેવું છે કે એક સિલિન્ડરની ચોરી થવાથી તેમને સીધો આર્થિક ફટકો પડે છે.

# નાનાપોંઢા, બાલચોડી માટે મોક્ષ રથ, અગ્નિસંસ્કાર ચાર્જમાં ધરખમ ઘટાડો

**નાનાપોંઢા** તા. પં.સભ્ય મુકેશ પટેલનું પ્રેરણાદાયક કાર્ય, ગૌમાતાનાં અંતિમસંસ્કાર માટે બે તાલુકામાં જેસીબીની વિનામૂલ્યે સેવા આપશે

વલસાડઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આપેલા વચનો હજુ તાલુકા પંચાયતમાં બોડીની રચના નથી થઈ ત્યાં ચૂંટાયેલા સભ્ય દ્વારા પૂર્ણ કરાતા લોકોમાં ખુશી જોવા મળી રહી છે. નવનિર્મિત નાનાપોંઢા તાલુકામાં તા. પ.સભ્ય અને નાનાપોંઢા સરપંચ મુકેશ પટેલે પોતાના મત વિસ્તાર નાનાપોંઢા અને બાલચોડીમાંથી નાનાપોંઢા કૈલાસ મુક્તિ ધામ માટે અગ્નિસંસ્કાર અને મોક્ષ રથ માટે લેવાતી રકમમાં ધરખમ ઘટાડો અને ગૌ માતાની અંતિમ સંસ્કાર માટે વિના મૂલ્યે જેસીબી આપવાની જાહેરાત કરી પ્રેરણાદાયક કાર્ય કર્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ નાનાપોંઢા કોલક નદી ખાતે સુવિધા સજ્જ સ્મશાન ભૂમિ બનાવવામાં આવી છે. અહીં માત્ર નાનાપોંઢા સહિત 25થી વધુ ગામમાંથી મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લોકો આવે છે. જોકે લોકોને સુવિધા મળી રહે તે માટે લાકડા સહિત અન્ય સુવિધાઓ માટે રૂ.2500 ફી નિયત કરાઈ છે, જ્યારે મોક્ષ રથ માટે 1500 નક્કી કરાયા છે. ત્યારે નાનાપોંઢા તાલુકા પંચાયત સભ્ય મુકેશ પટેલે રકમમાં ઘટાડો કરતાં નાનાપોંઢા અને બાલચોડી ગામોના લોકો જો મૃતદેહોના અગ્નિ સંસ્કાર માટે લાવે તો માત્ર રૂ.1500 અને મોક્ષ રથ માટે માત્ર રૂ.એક હજાર જ ચૂકવવાના રહેશે.

મુકેશ પટેલે વધુમાં જણાવ્યું કે નાનાપોંઢા અને કપરાડા તાલુકામાં કોઈપણ ગામમાં કોઈપણ વિસ્તારમાં ગૌ માતાનું મૃત્યુ થાય તો તેના અંતિમ સંસ્કાર માટે જેસીબી વિના મુલ્યે આપશે. માત્ર અમને જાણ કરવાની રહેશે. આ જાહેરાતને લોકોએ વધાવી લીધી છે.

### પારડી ખડકી હાઇવે પરથી 22.85 લાખનાં દારૂ ઝડપાયો

પારડીઃ વલસાડ એલસીબીની ટીમે બાતમીના આધારે પારડીના ખડકી નેશનલ હાઈવે નંબર 48 પર વોચ ગોઠવી હતી. ત્યારે ટ્રક નંબર એમએચ 20 ડી.ઈ. 2745 આવતા પોલીસે રોક્યો હતો. જેમાં તપાસ કરતાં દારૂના બોક્સના 396 જેમાં 9,564 નંગ બોટલ જેની કિંમત 22.85 લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પ્રવીણ એકનાથ રાયસીંગ રાઠોડ (રહે., મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો અને દારૂનો જથ્થો, મોબાઈલ, ટ્રક સહિત કુલ 32.90 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે દારૂ ભરવા માટે મોકલનાર સંભાજી કેકણ સહિત બેને પોલીસે વોન્ટેડ બતાવી પારડી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાપી રેલવે સ્ટેશન નજીક અજાણ્યા વૃદ્ધે ટ્રેન નીચે પડતું મુક્યું

વાપીઃ વાપી રેલવે સ્ટેશનની ઉત્તર દિશામાં કિમી નંબર 172/19-17 ની વચ્ચે સાંજે 5:37 કલાકે એક અંદાજે 60 થી 65 વર્ષની વયના અજાણ્યા ઈસમે કોઈ અગમ્ય કારણોસર અપ ભાવનગર-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન નીચે પડતું મૂક્યું હતું. આ ઘટનામાં વૃદ્ધનો જમણો હાથ કોણીના ભાગેથી કપાઈ ગયો હતો. ઘટના બાદ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. વાપી રેલવે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## હવામાનની થપાટ અને માર્કેટિંગના અભાવે પારડી તાલુકામાં કેરી પકવતા ખેડૂતો મુશ્કેલીમાં

# કેરીના ભાવ નીચા મળતા ખેડૂતો ચિંતામાં

**એપીએમસી** માર્કેટમાં કેરીની હરાજી થતી નથી, વેપારીઓના સંગઠનના કારણે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી

**પારડીમાં** વલસાડી હાફૂસને જીઆઈ ટેગ અપાવવા અને સહકારી હરાજી શરૂ કરવા પ્રગતિશીલ ખેડૂતની અપીલ




પારડી : પારડી તાલુકા સહિત સમગ્ર વલસાડ જિલ્લામાં કેરીની સીઝનનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ખેડૂતો હાલ આંબાવાડીઓમાં કેરી ઉતારવાના કાર્યમાં વ્યસ્ત છે, પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતોને યોગ્ય માર્કેટિંગના અભાવે પોષણક્ષમ ભાવ મળી રહ્યા નથી. આ ગંભીર સમસ્યાઓ અને વર્તમાન સ્થિતિ અંગે પલસાણા ગામના નિષ્ણાત ખેડૂત હર્ષદભાઈ દેસાઈએ વિગતવાર માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું કે, ચાલુ વર્ષે કેરીના પાક પર પ્રતિકૂળ હવામાનની માઠી અસર જોવા મળી છે. સીઝન દરમિયાન વારંવાર બદલાતા વાતાવરણ, કમોસમી વરસાદ અને ઝાકળને કારણે આંબાના મોર તેમજ નાના ફળને મોટું નુકસાન થયું છે. વાતાવરણમાં ભેજ વધતા ફૂગજન્ય રોગોનો વ્યાપ વધ્યો, જેનાથી ફળની ગુણવત્તા અને ઉત્પાદન બંને પર માઠી અસર પડી છે. વળી, તેજ પવન અને અનિશ્ચિત તાપમાનને કારણે આંબા પરથી નાની કેરીઓ ખરી જવાની સમસ્યા પણ સર્જાઈ છે. બીજી તરફ વેપારીઓ સંગઠિત થઈને ભાવ નીચા લાવી રહ્યા છે, જેના કારણે ખેડૂતોને મોંઘી દવા અને મજૂરીનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બની રહ્યો છે. ખેડૂતોએ એકજૂટ થઈ આ સમસ્યાનો ઉકેલ લાવવો અનિવાર્ય બન્યો છે.

### સહકારી માળખાનો અભાવ, GI ટેગનો મુદ્દો

હર્ષદભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લામાં મજબૂત સહકારી માળખાનો અભાવ છે. કોઈ પણ એપીએમસી (APMC) માર્કેટમાં કેરીની જાહેર હરાજી થતી નથી. વેપારીઓના સંગઠન સામે ખેડૂતો લાચાર બની જાય છે અને તેમને પૂરતા ભાવ મળતા નથી. વિશ્વભરમાં 'આલ્ફાન્ઝો' તરીકે પ્રખ્યાત વલસાડની હાફૂસ કેરીને હજુ સુધી 'જીઆઈ ટેગ' (GI Tag) મળ્યો નથી, જ્યારે મહારાષ્ટ્રના ખેડૂતો આ મેળવી ચૂક્યા છે. તેમણે સરકાર અને સ્થાનિક આગેવાનોને આ બાબતે ધ્યાન આપવા અપીલ કરી છે.